પાખંડ ધર્મખંડન

નાટક.

રેવાકાંઠાના દામોદરે સંસ્કૃત ભાષામાં
સંવત ૧૬૯૪ માં એટલે ૨૭૩ વરસ ઉપર
રચેલું.

પ્રગટ કરનાર,

કરસનદાસ મુળજી.

મુંબઈ.

ઈંદુપ્રકાશ સ્ટીમ પ્રેસ.

ઇ૦ સ૦ ૧૯૧૦.

पाखंड-धर्मखंडन
नाटक.

પ્રસ્તાવના.

આ "પાખંડ-ધર્મ-ખંડન નાટક" સંવત ૧૬૫૩ માં એટલે આજ ૨૩૨ વરસ ઉપર નર્મદાને કાંઠે રેહેનાર કોઇ દામોદર નામના પુરુષે સંસ્કૃત ભાષામાં રચ્યું હતું. એ પુસ્તકની એક જુની પ્રત પ્રગટ કરનારના હાથમાં આસરે દસ વરસ ઉપર આવી હતી. આ પુસ્તકમાં વલ્લભાચાર્ય પંથના મહારાજોની તથા વૈષ્ણવ-ધર્મની સ્થિતિ અઢીસો વરસ ઉપર કેવી હતી તેનું વર્ણન નાટક રૂપે કરેલું છે. એમાં દર્શાવેલી તે સમેની સ્થિતિ અને હમણાની સ્થિતિમાં કંઇ ફેર પડ્યો હોય એમ જણાતું નથી. જે અનીતિ વિષે હાલ ફરીયાદ થાયછે તે ઉપર દામોદરે ધ્યાન પોંહોચાડેલું માલમ પડે છે; અને નાટક રૂપે તે અનીતિ ઉઘાડી પાડી છે.

મહારાજ લાઇબલ કેસમાં આ પુસ્તક કોર્ટમધ્યે રજુ કરવામાં આવ્યું હતું અને રેવરંડ ડાકટર જાન વીલસનની જુબાનીમાં તે મધ્યેના ત્રણ ચાર વાકયો દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ આ જુના અને અગત્યના પુસ્તકનું ભાષાંતર તથા અસલ છાપી પ્રગટ કરવાની ધારણા રાખવામાં આવી હતી; પણ તેનું ભાષાંતર કરી વલ્લભપંથના મહારાજાનો અને તેમના દ્રવ્યવાન સેવકોનો ક્રોધ ખેંચવાને સંસ્કૃત જાણનાર કોઇ ઓળખાણવાળા બ્રાહ્મણોની હમત ચાલી નહીં, માટે એ કામ એમજ રહી ગયું હતું. હાલ એક વિદ્વાન બ્રાહ્મણની સાહ્યતાથી તેનું ભાષાંતર તથા અસલ પ્રજાની સેવામાં મુકવાને બની આવ્યું છે. તેની જુની અને અસલ પ્રત "નેટિવ જેનરલ લાઇબ્રેરી" મધ્યે મુકવામાં આવીછે. જેના દેખાવ ઉપરથીજ કહી શકવામાં આવશે કે એ પુસ્તક જુના વખતનું છે.

ગ્રંથકર્તાનું સંસ્કૃત જ્ઞાન ઘણું ઉંચું હોય તથા તે પોતે ઘણો વિદ્વાન હોય એમ તેની ભાષા તથા નાટક રચના ઉપરથી જણાતું નથી. એ પુસ્તકમાં ઘણે ઠેકાણે એવી ચુકો છે કે, જે સંસ્કૃત ભાષાનો સાધારણ વિદ્યાર્થી શોધી કાહાડે, અને નાટકની રચના એટલી ખામી ભરેલી છે કે, કેટલેક ઠેકાણે કંટાળાભરેલું લખાણ કરી નાખેલુંછે. વાચનારને કંટાળો ન ઉપજે એટલામાટે કંટાળા-ભરેલો ભાગ છપાવો મેલી દીધો છે; પણ તે વાંચવાની જે વિદ્યા-ર્થીની ખાયસ હોય તેઓને અસલ પ્રતને જેનરલ લાઇબ્રેરીમાંથી જોવાને તથા વાંચવાને મળી શકશે.

આ નાટકને ત્રણ ભાગ કરવામાં આવ્યા છે. પેહેલા ભાગના ૬૨ શ્લોકછે તે બધા પ્રગટ કરવામાં આવ્યાછે. બીજા ભાગમાં ૧૪૪ શ્લોક છે તેમાં ૫૦ થી ૮૫ સુધી શ્લોક દાખલ કર્યાં છે; અને ત્રીજા ભાગમાં ૪૪ શ્લોકમાના ૨૦ થી ૪૪ સુધી શ્લોક દાખલ કરવામાં આવ્યાછે. વૈષ્ણુવ ધર્મમાં પસરેલી અનીતિ પ્રગટ કરતાં ગ્રંથકર્તા કેટલીક જગાએ મર્યાદા બાહાર ગયલો જણાયછે અને આ ગ્રંથ વિચારવંત વિદ્યાર્થીઓ તથા અનીતિને ધીક્કારનાર સત્ય શોધકોને માટે છાપી પ્રગટ કર્યો છે તે માટે તેવે ઠેકાણે સંસ્કૃત શબ્દો રેહેવા દીધાછે.

આ પુસ્તક જેઓ ધ્યાન દઇ વાંચી જોશે તેઓની ખાતરી થશે કે વૈષ્ણુવધર્મની તેમાં અગત્ય કરીને વલ્લભાચાર્યના મહારાજોની નીતિ ૨૫૦ વરસ થયા માઠી હાલતમાં આવેલી છે. લોકનીતમાં અને ગૃહસ્થોના ઘરમાં જે અનીતિ-ધર્મના નામથી પેઠી છે તે અઢીશેં વરસમાં ઓછી થઇ હોય એમ જણાતું નથી અનીતિના મોહમાં પડેલા ધર્મગુરૂઓ પોતે પોતાની મેળે સુધરે એવી આશા કદી રાખી શકાતી'નથી, કેમ કે અનીતિજ ઉપર તેઓને ઠાઠમાઠ ટકી રહ્યો છે, અનીતીનેજ તેઓની ઇંદ્રીયો વશ થઈ ગયલી છે. આ વાતનો વિચાર વિચારવંત વૈષ્ણુવોએ પોતેજ કરવો જોઇએછે અને નીતિ સંબંધી બેહેર પામી ગયેલી લાગણીઓને જાગૃત કરી પોતાના કુટુંબોમાં ધર્મને નામે પેઠેલી અનીતિનો અંત લાવવાને યોગ્ય ઉપાય લેવા ઘટે છે.

અનીતિમાં લંપટ થયેલા ધર્મગુરૂઓનું સેવન કરવામાં અને તેઓની સેવામાં પોતાના કુટુંબની સુંદરીઓને મોકલવામાં વિચારવંત લોકોમાં અપકીર્તિ છે એટલુંજ નહીં પણ તેથી તેઓનાં કુટુંબને લાંછન છે. એ મહારાજ લાઇબલ કેસમાં બે પ્રખ્યાત, ન્યાયધિશોએ ૭ વરસ ઉપર આપેલું જજમેંટને આ ૨૩૨ વરસ ઉપર લખાયલું જુનું પુસ્તક ટેકો આપે છે. આ ખાતરી પુર્વક પુરાવો ઉગતી આઝાદની લાગતી લાગણીઓ ઉપર ભારે અસર કર્યા વગર તો રેહેશેજ નહીં તે છતાં હાલની વૈષ્ણુવ પ્રજાની બેહેર પામી ગયલી ઇંદ્રીઓ ઉપર થોડી ઘણી અસર કરશે એવી આશા રાખી આ નાટક વાંચવાની વિચારવંત વૈષ્ણુવોને તથા સત્યશોધક વિદ્યાર્થીઓને વિનંતી કરવામાં આવે છે.

તા૦ ૭ મી જાને- }
વારી ૧૮૬૯. }

ક૦ સુ૦

પાખંડ ધર્મ ખંડન.

નાટક.

ગ્રંથ કરનારની સ્તુતિ

હું અર્હેંદ્ર નામના ગુરુના ચરણકમળને નમું છું કે, જેની કૃપાથી સર્વ અર્થની સિદ્ધી થાય છે, તથા હું શંકર રૂપ થયો ને જે ગુરૂ સંસારરૂપી સાગરના પાર ઊતારવામાં કર્ણધાર છે. હે મા ! હે દેવી ! મિથ્યા જ્ઞાન મટાડવાને હું તારા ચરણકમળને સેવું છું. સુંદર દક્ષિણ નામવાળી કૃપાના ભંડાર, મારી ઉપર દયા કર. પાપરૂપી ભવસાગરમાં ડુબતા વેદ મતથી ઉલટાં કર્મ કરવામાં ડાહ્યા, શૂદ્રસાથે મળેલા ચારેતરફ ભ્રષ્ટ બ્રાહ્મણોને જોઇને હું ઘણો ખેદ પામું છું. પાર્વતી ! સુખે ભરી શકાય એવાં પેટ ભરવા સારૂં દુષ્ટ લોકોપાસે મૂર્ખની પેઠે નાચ્યો. એ મારી ચપળતા સહેવી, કારણ કે, શંકરનું નામ લેવા રૂપી પ્રાયશ્ચિત કરૂં છું. હે માતા ! તારા ચરણકમળને આશ્રય કરવાવાળાઉપર મેહેર કર. હે મન વિનાશી ! ગુણવાળું ચામડી, લોહી, આંતરડાથી બંધાયેલું પોતાનું ઉદરપોષણ કરવામાં અસમર્થ, રોગ કષ્ટના ઠેકાણા રૂપી સારાસારના વિચાર વીનાનું દુ:ખના ઠેકાણા રૂપી, પાપના સ્થાનક રૂપી, પંચમહાભુતથી થયેલ શરીરને હમણાં તું કેમ વખાણે છે ! હે ચિત્ત ! સાચા ગુણથી પૂર્ણ ચિત્તને સુખ દેનાર, હમેશાં ભૂત, ભવિષ્ય, વર્તમાન એ ત્રણે કાળમાં પૂર્ણ રૂપ પવિત્ર, બધા જીવના આશ્રય રૂપ પાર્વતીના પતિ, ઘણા પાપને નાશ કરે એવા શંકરને વખાણ કે, જે ભકિતથી પામી શકાય. સ્થાવર જંગમ જગતને પેદા કરનાર, પાળનાર, મારનાર, ત્રિપુરા સુરને મારનાર, પ્રમથાદિ ગણના ધણી શંકર

રક્ષણ કરો. જેણે સતપુરુષોનુ હિત કરવા, દુષ્ટોનો મદ ઉતારવા, પોતે જન્મરહીત તથા ચૈતન્યરૂપ છતાં જન્મ લીધો છે, જેનું તેજ ઉગતા સેંકડો સૂર્યના જેવું છે, તે શંકરની સ્ત્રી પાર્વતીને હું નમું છું. કારણ મિથ્યા જ્ઞાનને મટાડે, જ્ઞાનને આપે એહવું નાટક રચવાને સારા નરસાના વિચારવાળા લોકો તે નાટકને જુઓ.

(મંગળાચરણ પછી સૂત્રધાર બોલે છે.)

બસ છે. આંહી જરૂર જમીન ધરેણામાફક હિંદુસ્તાનને શોભાવનાર ભારતખંડના ધરેણા રૂપ, તરેહ તરેહની વિસામાની જગાઓ, વાડીઓ, શેહેરો, ગોંદરાઓ, નદીઓ, ડુંગરો, આંબા, બીજોરાં, પુન્નાગ, લીંબુઓ, પીપળા, ચંદન, ચારોળી દેવદાર, લીંબડાને તાડ વગેરેના ઝાડમાં ફરતાં હારીત નામના પક્ષિયોના શબ્દસહીત, અનેક વિદ્યાના શાસ્ત્રના અવાજસહીત, ગુજરાતમાં અનેક વિદ્યાના જ્ઞાનવાળાં અંતઃકર્ણસહિત ધણીજ વાલું, સર્વ પરમ હંસના આચાર્ય ઇશ્વરની દયા સહીત જોવાથી બ્રહ્માનંદમાં મગ્ન સર્વોત્તમ પોતાના ગુરૂના ચરણકમળ રસમાં પ્રીતિ વાલું અંતઃકર્ણ તેથી ઘણો બુદ્ધીમાન દામોદર કવિયે કળીયુગના પાપવાળાં લોકોને જોઇને દયા લાવીને પાખંડ ધર્મ ખંડન નામનુ નાટક કર્યું, તે બધાયે જોવું.

(સૂત્રધાર ચારે તરફ જોઇને ઘરમાં પેસીને પોતાની સ્ત્રી નટીને બોલાવીને કહે છે.) હે નટી આંહી આવ.

નટી—મહારાજ આવી. આજ્ઞા આપો.

સૂત્રધાર—સારા કુળવાળી ! તે જાણેલું છે સાંભળ હે પ્રાણપ્રિયે વેદતો ક્યાં નાશી ગયા તેનો પતોતો મળતો નથી. સાંખ્યશાસ્ત્રયોગ પ્રાચીન ધર્મો તો જમીનમાં જતા રહ્યા એમ દેખાય છે. વેદાર્થને બાધ કરનાર આધુનીક વલ્લભ વિઠલાચાર્ય એઓએ કહ્યું છે કે, સ્ત્રીઓયે પોતાનો આત્મા ગુરૂને હમણે અર્પણ કરવો. કેટલાક લોકો વલ્લભને

વિઠલેશના વચનથી વેદના અર્થને બાધ કરવામાં સમર્થ; ને પોતાના મતને લીધેથી ધર્મથી વિમુખને શ્રુતિસ્મૃતીના અર્થના સારને ન જાણે એવા, ને કેટલાકએક શૂદ્રની બરોબરીયા વિવેક વગરના ગુજરાતી વાણીયા ખરાબ બુદ્ધિવાળા, સ્ત્રીયોએ પોતાનો આત્મા ગુરૂને અર્પણ કરવો, એમ બોલે છે. તૃષ્ણા, મોહ, મદને, અભીમાનવાળા તથા ભ્રષ્ટ થયેલા વાણીયા પ્રાચીન અને સ્મૃતિ—શાસ્ત્રને વેદે કયેલા ધર્મને બાધ કરે છે. વિશયાસકત છતાં દોલતના મદથી ગંગા, શંકરને ગણપતિ આદી દેવતાઓને, તથા પાર્વતીને, તથા સૂર્યને દ્વેષ કરે છે, ને બ્રાહ્મણોને તો માનતાજ નથી. વાનરાઓયે રાવણની સાથે લડાઇમાં જે રાક્ષસો માર્યા તે કલીયુગ જેવા રૂપવાળા આ શુદ્ર વાણીયાઓ થયા છે. તે શ્રીકૃષ્ણને આશ્રય કરીને બોલે છે. કે સ્ત્રીઓએ પોતાનો આત્મા ગુરૂને અર્પણ કરવો એવું જોઇને શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ એમ કહે છે; ને વર્ણસંકર જેવા તેઓ સારા ગામમાં રહીને શુદ્ધ કુળમાં થયેલા વેદ પાઠી યજ્ઞયોગાદિક કરનાર, તપ કરનાર, શ્રેષ્ઠ બ્રાહ્મણોને માનતા નથી, માટે કળીયુગમાં તેજ રાક્ષસ છે.

નટી—આશ્ચર્ય! આશ્ચર્ય! જેણે વેદ ધર્મ છોડાવીને લોકોને અવળે માર્ગે ચલાવ્યા !!

સૂત્રધાર—હે પ્રાણ પ્રીય! મનુષ્ય લોકને ઠેકડી કરે એવા કળીને જો, ધર્મનો તો કયહાં લય થયો ને જમીનમાં સાચાઇ, સહનતા, શીલપણું, અને ચતુરરાઇ કળીની સોબતથી ગયા વેદ તો ફકત કેહેવા માત્ર છે. કારણ કે, વેદની સાથ અદેખાઇ રાખનારા ધર્માધર્મના વિચાર વગરના મંન વાળા માણસો શ્રી વિઠલેશને સતકાર કરીને ગાય છે. ને તેનેજ માને છે. તેઓ કહે છે કે, વેદથી થયેલો ધર્મ કયો છે ને કળીયુગમાં, હરીના નામ રૂપી એક સાર છે. લોભ, હીંસા

રૂપી ધર્મના આશ્રય વાળી ખોટી સ્વર્ગ ગતી છે; સાચું જ્ઞાન ને ખોટી વસ્તુના ઘટાવથી વેદમાં પ્રીતિવાળા લોકો પોતાનાં પાપો મટાડવાને શ્રી વલ્લભાચાર્યના કેહેવાને માન તા નથી. કલીયુગના પાપને નાશ કરે એવા સૂર્ય, ગણેશ, પાર્વતી, મહાદેવ કોણછે, જે દાન, તીર્થના દેવતાઓનું પુજન, ને યજ્ઞ એ શું છે? શ્રીકૃષ્ણના ચરણકમળના દાસાનુદાસ વિષયાસક્ત તુચ્છમાં તુચ્છ એવા અમ લોકોને શ્રીકૃષ્ણ વિના બીજો ભાવ નથી. એમ પોતાની બુદ્ધીથી થયેલા નાના પ્રકારના સંકલ્પ ને ખોટા વાદ કુતર્કશાસ્ત્રમાં પ્રીતીવાળા મધ્વ, વલ્લભ, વિઠલાદીયે રચેલા સારગમાં રાખેલા લોકો શ્રુતિસ્મૃતીપુરાણમાં કહેલા ધર્મોને ફકત વાર્ત્તા માત્ર કરે છે.

નટી—(અફશોસથી) ધીકાર! ધીકાર! મધ્વ, વલ્લભ, ને વિઠલેશે વેદધર્મ કેમ છોડી દીધો?

સૂત્રધાર—હે પ્રીય! પાખંડો શું નથી કરતા? માયલી કોર તમોગુણ બહાર રજોગુણ ને લોકો વચ્ચે સત્વગુણ રાખે છે. ને લોકો હરીના નામને આશ્રય કરીને ઘણા પાખંડો કરે છે.

નટી—પ્રાણનાથ! કળીમાં પાખંડો કેમ ઊત્પન્ન થયા એની ઊત્પતી કયહાંથી છે?

સૂત્રધાર—પેહેલાં શંકરના નેત્રથી થયેલા અગ્નિથી બાળેલા કામદેવને જોઇને તેની સ્ત્રી રતીયે મુખ્ય દેવતા રૂપી વસંત પવન અગ્નિને શ્રાપ દીધો, તેથી આ મધ્વાદી વેદમાર્ગના શત્રુને બ્રાહ્મણો સાથે દ્વેષ કરનાર એ મધ્વાદી કળીયુગના પાપને મટાડે એવા સારા શંકરાદી દેવતાઓને માનતા નથી! ને મુંડીયાને કંઠી રામનામીથી શોભતા ને યોની સરખાં તિલકનાં ચિન્હ વાળાં તે ાં કપાળ છે; ઘણા પાપી ને કલેશ કરવામાં સામેલ વેદધર્મના રસ્તાથી ભ્રષ્ટ થયેલા છે; ને જે બૌદ્ધ, જૈન, મધ્વ, વિઠલેશના

મતને આશ્રય કરે છે. નરકમાં જનારાં તે લોકો સ્વર્ગને આપે એવી શ્રુતિયો સાથે દ્વેષ કરે છે. (પડદામાંથી અવાજ થયો) અરે સુત્રધાર સર્વજ્ઞ એવા અમોને કેમ નીંદા કરે છે.

નટી—હે પ્રાણનાથ! આ બોલે છે, તે કોણ રાક્ષસ છે?

સૂત્રધાર—હે પ્રીય! આ રાક્ષસ નથી. એ તો મહામોહનો મોકલેલો દીગંબર સિદ્ધાંત છે. હમેશાં આનું દર્શન કરવાલાયક નથી. (નટી ને સૂત્રધાર જાય છે. તેટલામાં દીગંબર સિદ્ધાંત દીઠો.)

દીગંબર—હે શ્રાવકો! સાંભળો કે પાપી લોકોના મળ ભરેલ તથા ખરાબ ગંદગીવાળાં શરીરોમાં પાણીથી સુદ્ધી કેમ થાય! પણ રશીપરીચરણથી શુદ્ધ સ્વરૂપવાળો શુદ્ધ આત્મા જણાય છે. (દીગંબર સિદ્ધાંત આકારમાં જોઇને) હે સૂત્રધાર! રશીપરીચરણ તે શું! દુરથી નમવું, કે કોઇને સત્કારથી જમાડવું, કે સારૂં મીષ્ટાન ખાવું, તથા દારૂ પીવો, કે કોઇની અદેખાઇ ન રાખવી, કે સારા કુળવાળી સ્ત્રી સાથે ક્રીડા કરવી, કે સ્વચ્છ મન રાખવું, કે ઘણો આનંદ રાખવો, એવાં જે કારણો તે રશીપરીચરણ. હું મંત્ર યંત્ર નથી જાણતો. એક ગુરુની સવા કરવી તે જાણું છું. સારી સ્ત્રીને ભોગવીશ ને દારુ પીશ તો પણ ગુરૂની સેવામાં પ્રીતી હોવાથી, હું મોક્ષ પામીશ. સારી મેડી, સારી સ્ત્રીઓ, પોતાની ઇચ્છામાં આવે તેવું પીવું, ઘર રહેવું, મનોહર કથાઓ કરવી, સારી સ્ત્રી સાથે સુવું તથા ખાવું, પીવું ને સારી સ્ત્રીયોને આલીંગન કરવું એટલાં સાધનો છે; તો આંહીજ સ્વર્ગ છે. વેદ તો માત્ર ફોકટજ છે. (તેટલામાં પડદામાંથી અવાજ થયો) અરે કોણ અમારા ધર્મ જેવું બોલે છે.

દીગંબર—અરે આ તો સોગત! (એમ વીચાર કરે છે, તેવામાં હાથમાં પોથી નેં બટુકને વેશે "સોગત" આવ્યો.)

સૌગત—(વીચારીને) હે ઉપાસકો ! સાંભળો.

દીગંબર—(તેને પરીક્રમાં કરીને કહે છે) આ સૌગત ધર્મ સારો છે કે જે ધર્મમાં મોક્ષ ને સુખ રહેલું છે. તે સુખ એવું છે કે, સૌગતોની રાત્રીઓ સારા ઘરમાં રહેવાથી તથા પોતાના અભીપ્રાયો જાણે તેવી વણીકની સ્રીયોથી તથા પોતેઇચ્છેલ વસ્તુ સમયે ખાવાથી તથા પીવાથી ને સારા પલંગોથી તથા શ્રદ્ધાથી સેવા કરે, તેવી સ્રીયોથી ને સારાં કેરારાદી ચંદનોથી સૌગતની રાત્રીયો ઘણા આનંદોથી જાય છે.

સૌગત—(આકાશ સામું જોઇને) હે ઉપાસકો ! સાંભળો સૌગત ભગવાનનાં વચનામૃત સાંભળો. (એમ કહીને પુસ્તક વાંચે છે.) હું દીવ્ય નેત્રથી લોકોની સારી નરસી ગતીને દેખું છું. ને સર્વે સંસ્કારો તો ક્ષણીક છે. આ શરીર પણ રહેવાનું નથી. માટે ભીક્ષુકો ! સ્રીયો સાથે વીહાર કરે તેમાં અદેખાઈ ન કરવી; કારણ કે અદેખાઈ તો ચિત્તનો મેલ છે. (પડદા સામુ જોઇને ઉપાસકો ને ભીક્ષુકોને સ્નેહથી આલીંગન કરીને બેસે છે. તેરલામાં વૈષ્ણુવ નામધારી પુરૂષ રંગ ભુમીમાં આવ્યો તેણે કોટમાં તથા કડે, હાથે, માથે તુલસીની માળાઓ પેરેલી છે. કપાળમાં હરણનાં પગ જેવું તીલક કરેલું છે. " રાધા કૃષ્ણ " " રાધા કૃષ્ણ " એમ કહેતો આવે છે. વેદમાર્ગથી વીમુખ છતે બ્રાહ્મણોને નીંદા કરતો કરતો વિશાયાસક્ત સ્રીયોની સાથે મળેલો ને વૈષ્ણુવી સ્રીને ચુંબન કરતો કરતો આવ્યો. આવીને કહે છે.)

વૈષ્ણુવ—હે વૈષ્ણુવો ! સાંભળો. ચપળ સ્રીને આલીંગન કરવું, તથા તેના કંઠમાં હાથ નાખવો, સ્વચ્છ ખાવું પીવું, પોતાપારકાંનો ભેદ ન રાખવો અને સ્રીઓયે પોતાનો આત્મા ગુરૂને અર્પણ કરવો એ લાભક છે. મોક્ષને આપે એવા

વૈષ્ણવ તમને ધન્ય છે. મળ મુત્રાદીવાળાં શરીરને સારા તીર્થના પાણીથી નવરાવીયે તો શું પવીત્ર થાય ? ન થાય. માટે આત્મા તો વીમળ છે; તેમાં સંદેહ નથી. નાવું તેતો અજ્ઞાની લોકોને; વૈષ્ણવોને તો નહી. ખરાબ કર્મમાં સામેલ એવા પાપી લોકો વેદને માને છે. વૈષ્ણવને તો માનતાજ નથી. વૈષ્ણવ મત કેવો છે ? અલૌકીક મોક્ષ દેણાર, મહા સાર રૂપી છે; કારણ કે, જેને મુકતી તો હાથમાં રહેલીછે. આવા વૈષ્ણવ મતને તો માનતા નથી. કારણ કે, એવાને પછવાડે શ્રાધ તથા તર્પણ કરવાથી શું મરણ પામેલ લોકોનો શોક કરવાથી શું ખામી ! કારણ કે જેમ ઢડો માટીમાં ભળે છે, તેમ આ લોકો મહત્તત્વમાં મળી ગયા છે. તેઓ વળી એવાં છે કે; પેહેલાં થયાં પણ નથી ને થવાનાં પણ નથી, ને થશે પણ નહી. સોનાના આભુષણની પેઠે ક્ષણભંગ છે. તેઓ સંસારી અને સંસાર રહીત પણ કહેવાય છે. આ પ્રત્યક્ષ જીવ લોકો છે. આ જગત પેહેલાં પણ નથી અને પછે પણ નથી, વચે ઘડાની પેઠે જેમ છે તેમ છે ને મરવા પછી પુણ્યવાળા લોકોને સ્વર્ગ નથી ને પાપી લોકોને નર્ક નથી.

(પડદામાંથી સર્વ ધર્મના મૂલ વલ્લભ નામધરી વૈષ્ણ આવ્યો)

વલ્લભ—હે વૈષ્ણવો ! આપણો ઊત્તમ ધર્મ સાંભળો. સૂર્ય ધર્મ વેદ, વેદના કહેલા યજ્ઞો પણ આપણા મતમાં કહ્યાં નથી. તેમજ ગંગા, મહાદેવ, પાર્વતી, ગણપતી, દેવતાઓ, બ્રાહ્મણો, અને સરસ્વતી પણ કહ્યાં નથી. વલ્લભી મતવાળા આપણને ગુરૂની પાદુકા અને સ્ત્રીયો એ એજ ધર્મ છે. ગુરૂની પાદુકા એવી છે કે, સર્વ ભોગને આપનારી, અતી મનોહર, સર્વ પાપને નાશ કરનારી, ઘણા સુખને આપનારી, ભવસાગરના ભયને નાશ કરનારી, એવી ગુરૂની પાદુકા તેની ભક્તિ પ્રત્યક્ષ દેહ ધારણ કરનારી છે. જે ભક્તિ

મોક્ષને આપનારી છે; કારણ કે સર્વે વલ્લભી વૈષ્ણવો તેનો આશ્રય કરે છે. બ્રહ્મા, વિષ્ણુ, શીવ, ગણપતિ, પાર્વતી, સૂર્ય, ચંદ્ર, ઇંદ્ર, વાયુ, ભૈરવાદી સર્વે દેવતાઓ, ભૂત, ભવિષ્ય, વર્ત્તમાન, સ્થાવર, જંગમ, જગત, આદી જે કાંઈ પદાર્થ છે, તેજ ગુરૂની પાદુકાજ છે; કારણ કે, એ પાદુકા છે, તે ભકતોને ભક્તિ આપનારી છે. જે લોકો ગુરૂની પાદુકા ઊપર પ્રીતી રાખે છે, તે સર્વ તીર્થરૂપ છે. ગંગા, સરસ્વતી, ગોદાવરી, આદી નદીયોમાં પણ તેજ નાહ્યા છે. સર્વોત્તમ પણ તેજ ગણાય છે. યજ્ઞો પણ તેણો કરેલા, દાન પણ તેણો દીધેલાં ભવસાગરના ભયથી મુકાયેલ પણ તે, ને પવીત્ર પણ તેજ છે. ગુરૂની પાદુકાની ભક્તિ કરનારા લોકોને વિષ્ણુ, રૂદ્ર, બ્રહ્મા, સૂર્ય, દેવતાઓ, નથી કોઇ તીર્થ પણ નથી ને તેમણે બ્રાહ્મણો પણ માનવા લાયક નથી; કારણ કે ગુરૂની પાદુકા એજ તેમને સ્વર્ગ છે. (ત્યાર પછી દ્વારપાલ રંગભુમી ઉપર આવીને કહે છે.)

દ્વારપાલ—મહારાજ સારા વેશવાળી મનોહર અમારી શેઠાણી બારણે આવેલી છે.

વલ્લભ—અહો સારૂં થયું. તે વૈષ્ણવોને સત્કાર કરશે. અરે દ્વારપાળ! તેને આંહી આવવાદે. (ત્યાર પછી મોહોટા નાદથી તે અંદર આવી. વલ્લભ જોઇને ખુશી થયો) આ શેઠાણી લાયક છે. તે એવી છે કે, કટાક્ષ બાણથી લોકોને પીડા કરે છે ને કામી લોકોને વીષય કરનારી ધર્મનું મૂલ ઉખેડવામાં તત્પર છે.

શેઠાણી—નાથજી, તમને હું વંદન કરૂં છું.

વલ્લભ—અમારા ધર્મને લાયક પ્રીય આવ. સુખી છો ?

શેઠાણી—પ્રાણનાથ, તમારી કૃપાથી હમેશાં સુખી. મહારાજ! આપનો ધર્મ કયો તે કહો.

મધ્યમ—ગુરૂને નમવું, તન, મન ને ધન અર્પણ કરવું, ગુરૂની પાદુકાનું ભજન કરવું, ગ્રોનીમ પ્રીતીજ સ્ત્રીયોનું આલીંગન તથા તેના અંગનું મર્દન કરવું, તેજ ધર્મ. બ્રાહ્મણને ન દેવું, દેવતાઓને ન દેવું, પીતૃના ઉદ્દેશ કરીને શ્રાદ્ધાદીકમાં અન્ન પણ ન દેવું, કેવળ ગુરૂની પાદુકા પુજનારા લોકોને દેવું, તથા યોનીની સેવા સારૂ ભક્ત સ્ત્રીયોને અન્ન દેવું, ને શુદ્ર વા ચાંડાલાદી લોકો ભક્તી માર્ગમાં હોય તેને દેવું, એવી સ્ત્રીયો હોય તો તેને પણ દેવું, ને કદી તે લોકો આપે તો પોતાને આદરથી લેવું, કદી મા, બાપ તથા સંબંધી જો ગુરૂ મારગમાં ન હોય તો તેને ગલગંડ રોગ માફક છોડી દેવાં, ને તેનું દર્શન પણ કરવું નહીં; ગુરૂ ભક્તિ વાળાં ગોકુળવાસી લોકોને આ પીવું કે આ ન પીવું આ ખાવું કે આ ન ખાવું, તથા આ કરવાલાયક કે આ ન કરવા લાયક તથા અધર્મ છે. એવો વીચાર નથી. કારણ કે, પરંપરાથીજ એવી રીતી છે ને સારને જાણુનારા તથા ગોકુલેશને તન અર્પણ કરનારા લોકોને માંહો માંહે ખાવું. તથા સ્ત્રીયોની સાથે સારા પદાર્થોનું પાન કરવું; તથા હમેશાં ખુશીમાં રહેવું, એવીજ તેઓની ચાલ છે. જો સાંભળ કે, શ્રીગોકુલમાં ગુરૂની પાદુકાને પુજનારા લોકોને જેવું સુખ છે, તેવું બીજા લોકોને દાન, તપ, સમાધી, યોગ તથા સેકડો યજ્ઞોથી તથા તેવા ઘણાએક સાધનથી તેવું સુખ નથી, હે પ્રાણ પ્રીય ! આ શરીર નીશ્ચે વિષય ભોગનું સાધન છે. તથા સર્વ લોકોયે સત્કાર કરેલું તથા ભક્તિને દેનારૂં છે. તેવું છતાં શ્રીગોકુલેશને વિશે પ્રીતી થાય તો સફળ, નહી તર કૃમી વીષ્ટા તથા રાખ થઇ જનારૂં ફોગટ છે. ગુરૂની પાદુકાનું પુજન કરવું તે રૂપી જે ધર્મ તેમાં સુખી પુરૂષે દીકરી તથા દીકરાની વહુ તથા પોતાની વહુને મહારાજને અર્પણ કરવી તેજ ધર્મ છે. ને

વેદીયા બ્રાહ્મણોને સત્કાર કરવો તથા હર કોઇ નિરાશ્રિતને જમાડવો તથા વ્રત ઉપવાસ કરવા તે ધર્મ નથી. પૃથ્વી ઉપર ચક્ર સરખાં તીલક કરનારા લોકોને જે સ્ત્રીયો રાત દીવસમાં સુખી કરે છે, તે સ્ત્રીયોને ધન્ય છે. કારણ કે, તેઓ પૃથ્વી ઉપર વૈષ્ણવ લોકોને સુખ આપેછે. (તેટલામાં પડદામાંથી અવાજ થયો.) અરે નીચ પુરુષ! આ નાસ્તીક મતવાળો વેદરહીત ધર્મ છે, સાંભળ.

શ્રુતીધર્મ—વેદ તો સાક્ષાત્ નારાયણ છે. વેદોક્ત ધર્મ જે પુરુષ માનતો નથી, નરકમાં જનાર વેદથી ભ્રષ્ટ થયેલ, નાસ્તીક તે માણસ કષ્ટ પામે છે. (એમ પડદામાંથી બોલ્યો.)

વલ્લભ—આ તો શ્રુતી ધર્મ (એમ વીચારીને અંદર ગયો. શ્રુતી ધર્મ બહાર નીકળે છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છેઃ— હાથમાં રુદ્રાક્ષની માળા છે. બીજા હાથમાં સર્વો શ્રુચ છે. મૌંજી તથા જનોઇથી શોભાવેલ તથા દેવતાઓએ સત્કાર કરેલો શ્રુતીધર્મ નાસ્તીકના ધર્મના જથાને ભય પમાડતો છતો રંગભૂમી ઉપર આવ્યો.)

શ્રુતીધર્મ—અરે પાપીષ્ટ નાસ્તીક! જૈની બીજાને આશરે જનાર! અરે દુષ્ટ! વૈશ્નણવ ધર્મે જગત બોળી દીધું. સાંભળઃ—હરી નામના આશ્રયવાળાં લોક સ્માર્ત કર્મને છોડી દે છે. વેદોકત કર્મ છોડી દેવાથી લોક નરકમાં પડે છે. સાંભળઃ-વેદતો બધા પાપને મટાડનાર છે. આત્મા પણ તેજ છે. ને તેણે કથેલ ધર્મને કલીયુગમાં મથુરામાં થયેલા વલ્લભ વીઠલેશ મધ્વ તે સર્વે એ નીશ્ચે જગ તને બોળવા સારૂ વેદ ધર્મને ચારે તરફ છોડી દેવરાવેલ છે. (તેટલામાં પડદામાંથી આવજ થયો.) હે પાપી દુષ્ટ! અમારા સ્વધર્મીને તું કેમ નીંદે છે?

કળી—અરે શ્રુતીધર્મ! હું બળવાન છું. ત્યાંહાં તારો નીવાસ કયહાંથી? (એમ કહીને વેદમાં પ્રીતીવાળા બ્રાહ્મણોનો

તીરસ્કાર કરતો કરતો તથા ધર્મને તથા શ્રોતીસ્માર્ત કર્મને તથા આશ્રમોના માર્ગને, ચાર જાતીના વર્ણને ધીક્કાર કરતો તથા મહા ગંદગીવાળો, કલેશમાં સામેલ, કૃપણ તથા પાપી, સારાં કર્મ કરનારને ગળનારો, સારાં ભાષણોથી લોકોને મોહ પમાડતો પમાડતો રંગભૂમી ઉપર કળી લાયક શેઠાણી સાથે આવ્યો.

કળી—હે પ્રીય! તેં કેટલા લોકોને વશ કર્યાં?

શેઠાણી—પ્રાણનાથ! સર્વ મુનીજનનો વર્ણાશ્રમ નાશ કર્યો, મહારાજ, બધા શેહેરોમાં તથા ક્ષેત્રોમાં તથા બધે ઠેકાણે વેદધર્મ રહેવા દીધો નથી સ્વામીનાથ! આપની કૃપાથી મેં બધું એકાકાર કર્યું છે. માટે મહારાજ, હવે જે ફરમાવો તે કરૂં.

કળી—(ખુશી થઇને નાચે છે ને કહે છે કે,) હે મહામોહ! કામ ક્રોધાદી તમે બદ્ધા દેહ ધારી થાઓ.

મહામોહાદી—મહારાજ જે આપ ફરમાવો છો તે અમોયે કરેલું છે

કળી—(મનમાં વીચાર કરે છે કે, આ મધ્વ, વલ્લભ, વીઠલેશ, ગોકુલેશ, ગોકુલેશનો ભટ કલ્યાણ, ભટાદી રૂપ ધારણ કરનારા મને અનુસરે છે. ને હમણે મુને મહામોહ તથા કામાદી સર્વે સ્વાધીન છે તો આ જગતને આધીન કરવામાં શઇ મેહેનત છે. કારણ કે મોહ વેદમય ધર્મને ગળે છે તે ધર્મમાં દ્વૈતમત વાળું આ જગત ભાસેછે. તેટલામાં મધ્વાચાર્ય નામે મહામોહ આવેછે.)

મહામોહ—મહારાજ વંદન કરૂં છું. (એમ કળીને કળીને પગે લાગે છે, ને કહે છે કે,) તમે કટાક્ષથી જોયેલ લોકોનો સમુદાયની ફત્તે થાઓ. કારણ કે હાલમાં શુદ્ધ અખંડ ઉપાધી વીનાનું પુરૂષને પ્રકૃતીરૂપી સંસાર સંબંધી બહ-

તત્વ છણાતું નથી. મહારાજ! તમારા જોવાથી આ ભરત ખંડ મેં વશ કર્યો, ને બદ્ધા ધર્મ રૂપી મોહોટા ધર્મ તુચ્છ ક્યોં. મહારાજ! હાલ તો વેદધર્મના એક અંશ રહેલ છે. મહારાજ! સર્વ જનને મોહ કર્યો તથા બદ્ધા ધર્મો પણ મટાડ્યા. ભગવાનના ચરણકમળના ભજનથી લોકોને નરકમાં નાખ્યા. શુદ્ર ધર્મમાં પ્રીતીવાળો વર્ણભેદ રહીત આ ત્રણ લોકને કર્યો. તુલસીની માળા પેરવી તથા વીષ્ણનું નામ લેવું એ બે કારણથી વેદ ધર્મથી અવળો એવો જે ધર્મ તે મેં કર્યો. લોકોને અવળે રસ્તે ચડાવ્યા. જે લોક એક વાર પણ વીષ્ણનું નામ લેછે ને ગળે તથા કાનમાં તથા બીજે સ્થળે જેને તુલશીની માળા છે, તે લોકોને યજ્ઞથી, તપથી, તથા વેદ માર્ગથી, યાત્રાઓથી, ધર્મથી, સ્નાન કદવાથી, દાન દેવાથી, ઘણા દેવતાઓને બળીદાન દેવાથી, તથા વેદે કહેલ જાતી વર્ણોના ભેદથી, લોકોને કાંઈ થતું નથી કેવળ વીષ્ણનું નામ લેવું તેજ સાર છે; કારણ કે, આ લોકમાં સુખ આપનાર પરલોકમાં મોક્ષ દેનારી ભગવાનની મૂર્તિની પૂજા કરની દ્વૈત સ્વરૂપને માનનાર લોકો મોક્ષને પામ્યા એમ કહેછે (તે પછી મહામોહનો પ્રધાન વલ્લભ આવ્યો.)

વલ્લભ—વંદન કરૂં છું મહારાજ!

કળી—અખંડ કલ્યાણ તારૂં સદા હો.

વલ્લભ——મહારાજ! શ્રીવલ્લભના ચરણ કમળના પ્રતાપથી તથા આપનું સ્નેહયુક્ત જોવું તેથી અમારૂં હમેશાં કલ્યાણ છે. (પોતાનું કામ બયાન કરે છે.) મહારાજ! આપની કૃપાથી પૃથ્વી ઉપર બ્રાહ્મણોમાં, ક્ષત્રીયોમાં, વાણીયાઓમાં, શૂદ્રોમાં, તથા બીજે સર્વે ઠેકાણે વેદધર્મ વીખી નાખેલા છે.

(તે પછી કળી જેવો વીઠલ આવે છે.)

વીઠલ—કળી તથા મહામોહની ફત્તે થાઓ! પૃથ્વીમાં તમારા મતમાં કયા લોકો નથી મલ્યા મહારાજ! તમારી કૃપાદૃષ્ટિથી મહારાજ મેં શું નથી કર્યું ? સર્વે કર્યું છે. પોતાના ધર્મથી ભ્રષ્ટ થયેલા લોકોને સ્ત્રીમાં પ્રીતીવાળા કર્યા. હે કળી-રાજ! એ વીના હવે ભૂમી ઉપર કયું કામ રહ્યું છે તે કહો.

કળી—(હર્ષથી તથા ઘણા આનંદથી રોમાચિતથી પ્રફુલ થઈને નાચેછે.) હે મહામોહાદી સર્વે સાવધાન થાઓ. કારણ કે જે કાશી સંભળાય છે તેમાં આપણા શત્રુઓ તથા વેદ કર્મને કરનાર લોકો રહેછે તેઓને વેદમાર્ગથી ભ્રષ્ટ કરો.

મહામોહ—મહરાજ! તમારી ફત્તે થાઓ મહારાજ! આ મોહોટા કામમાં આપ કોઇ પણ ઉપાય બતાવો.

કળી—પેહેલાં જે રામ રાવણની લડાઈમાં જે વાનરા તથા રીંછ તથા રાક્ષસો માર્યાં ને તે પુન્ય પામ્યા તે સર્વે આ કાશીમાં બ્રાહ્મણો થઈ વેદને માને છે, વેદે કથેલા કર્મને કરે છે, ને જે લોકો મહાદેવની ભક્તી કરે છે તથા વેદના અર્થને જાણે છે. માટે હે મહામોહાદી! તમે સર્વે ત્યાંહાં જઈને તેને બોધ કરો તથા વેદથી ભ્રષ્ટ કરો.

મહામોહ—મહારાજ! એ બહુ સારો ઉપાય બતાવ્યો, આ કામમાં કામક્રોધાદીની મદદ જોઇયે.

(એમ કેહીને રાજા કળીની આજ્ઞા લઇને કાશી તરફ રવાનો થયો.)

અંક બીજો.

વીટાવતંસ—(જાર પુરૂષ) નામે એક વ્યાસ પડદામાંથી આવ્યો. તે એવો છે કે ઘણો ધવળ, નર્મ વચન બોલનાર, વીટાંગના (જાર સ્ત્રી) ને ચુંબન કરતો છતો ચપળ દ્રષ્ટીવાળો, એક કાખમાં પોથી છે, એવો બ્રાહ્મણુને જાણુનાર વીટાવતંસ આવ્યો; તેના કપાળમાં કુંકુમનું સારૂં ચંદન છે, હાથમાં તુલસીની માળા લીધેલી છે, કોટમાં પેરેલી છે, વીટસ્ત્રીના જથામાં ક્રીડા કરતો તથા હસતો, વેદમાર્ગથી ઉલટો, એવો તે આવીને ગાદી ઉપર બેઠો. તેટલામાં એક સારા મેહેલમાં તે વિટાવતંસની કથા થાય છે તે કથા સાંભળવાના મીશાથી વીટવતંસની સાથે દોસ્તિ રાખનાર વીટ સ્ત્રીયો કે જેના વ્યાસના ઉપર તો કટાક્ષ છે, તથા જેનાં સ્થૂલ કૂચ નીતંબ છે. એવી સ્ત્રીઓ આવી વ્યાસને નમી બેસીને તે ઠેકાણે ખરાબ કામ કરે છે. એટલામાં બીજી ચપળ નેત્રાવાળી કે જેનાં નેત્ર પણુ મોહોટાં છે. એવી વાણીયાની સ્ત્રીઓ ગાન તાન પુરૂષના સંગમાં આસક્ત છતીયું સોલે સણુગાર પેરી, જુવાન પુરૂષોની ખાયસ રાખતી રાખતી ત્યાંહાં આવીયો. ત્યાંહાં આવી પોતાની પેરેલી માળાને દેખાડવાને મીશે સ્તનને દેખાડી, વીટાવતંસ વ્યાસને કટાક્ષ બાણુ મારી, બીજી સ્ત્રીયોને તીરસ્કાર કરીને અમે શ્રેષ્ઠ છૈયે એવું જાણી, ત્યાંહાં બેઠીયો. જયાંહા વીટાવતંસ વ્યાસ છે, વીટ સ્ત્રીયો છે, વીટોપદેશક (જાર કર્મને ઉપદેશ કરનાર) સ્ત્રીયો છે, તાંહાં ઉભું ચંદન કરી એક રાંડીરાંડ બાળા આવી ત્યારે વીટાવતંસ તેને કહે છે.

વીટાવતંસ—આહીં આવો ! ભકતીવાન મહા ભાગ્યવાળી ! તમે કથા સાંભળવા આવોછો તેથી જીવનમુક્ત છો.

વીટાપદેશા—(વ્યાસને પરીક્રમ કરીને બેઠી) મહારાજ ! વ્યાસ ! તમારો જય થાઓ. (એમ કહે છે, એટલામાં બીજી સ્ત્રીયો વીટાપદેશ કરનર આવીયો. તેમાંથી એક સ્ત્રી બોલી કે) અવીનાશી પરમેશ્વરને મુકી પથરની મૂર્તિને ભજશોમાં એવો આપણો સંપ્રદાય છે. ત્યારે બીજી સ્ત્રી । કહે છે કે ઠીક ત્યારે વીટાપદેશા વૃદ્ધ સ્ત્રી કહે છે, કે હે સહીયરો ! આજ તો મારૂં ડાબું અંગ ફરકે છે. વાસ્તે આપણી મોહ્હોટી સર્વાંગોછીષ્ટા નામની ઘોબણનું મળવું થશે.

વીટવિલાસીની—ત્યારે બહુ સારૂં.

(ત્યારે ડેરામાંથી લાંબાં સ્થૂળ કુચવાળી તથા પેડુવાળી, પીંગળી દ્રષ્ટીવાળી, કઠીન બોલનાર, અહંઆઇ રાખનાર, વેદ ધર્મ તથા કર્મથી વિમુખ રાક્ષસી જેવી, પાપમાં પ્રીતીવાળી પૈસા વાસ્તે ખરાબ કામ કરનારી, મેહેલાં લુગડાં પેહેરનારી, મહા દુર્ગંધવાળી, હાથમાં માળા લઇ સર્વાંગોછીષ્ટા ઘોબણ આવે છે.)

સર્વાંગોછીષ્ટા—(ચારે તરફ જોઇ કથા સ્થાનમાં આવી બેશીને કહે છે કે) અહો લોકો! અવીનાશી પરમેશ્વરને છોડી દઇને પથર વીગેરેની મૂર્તિને ભજે છે માટે અજ્ઞાની છે.

વીટાપદેશા—(ખુશીથી નાચીને) ઓહો સર્વાંગોછિષ્ટા રંજકી તમે આવ્યાં. (એમ કહીને સત્કાર કરીને તેને બેસાડી)

વીટાપદેશા—(બધી સ્ત્રીયોને કહે છે કે) અમારી મોટેરી સર્વને ઉપદેશ કરનારી છે. હે મા ! સર્વાંગોછીષ્ટા! પગે લાગું છું.

સર્વાંગોછીષ્ટા—સુખેથી બેસ. બાઈ ભક્તિવાળી થા. બધા જગતમાં તું વાલી થા. કારણ કે તું વીટાપદેશ કરવામાં છો.

વીટોપદેશા—એમજ છે આપ કહો છો તે.

સર્વાંગોછીષ્ટા—અરે બાઇ સારીપઠે છો?

વીટોપદેશા—મા! તમારા ચરણકમળ પ્રતાપથી.

સર્વાંગોછીષ્ટા—અરે દીકરી તેં કેટલાને ઉપદેશ કર્યો.

વીટોપદેશા—મા! તમારા પ્રતાપથી ઘણા સાધુ વીટતા (જાર-પણું)ને પમાડ્યા તે તમારોજ મહીમા છે.

સર્વાંગોછીષ્ટા—પુત્રી! તેં એકલીયે ઘણું કામ કર્યું.

વીટોપદેશા—હે માં! ખોટું બોલવાથી શાયો ફાયદો છે? મેં એક નથી કર્યું. મારો માત્ર આ વીટાવતંસ નામનો વ્યાસ છે. તેની સહાયતાથી બધું કરેલું છે.

સર્વાંગોછીષ્ટા—અરે દીકરી તે વીટાવતંસ કેવડો છે?

વીટોપદેશા—મા તે તો જુવાન છે, ધોળા સ્વેત લુગડાં પેરે છે, ચંદન કરે છે, હાથમાં તુલસીની માળા રાખે છે. કટાક્ષ પણ મારે છે, તથા મહા રૂપાળો છે, સો સ્ત્રીને ભોગવે તેવો કામી છે, મહા ચતુર છે. વીટકર્મમાં નીપુણ છે એવો છે.

સર્વાંગોછીષ્ટા—સારૂં સારૂં, આવા જ્યારે ઉપદેશ કરનાર હોય ત્યારે જુવાન સ્ત્રીયોને ઉપદેશ થાય.

(હાથમાં માળા લઇ હાથ જોડીને વીટાવતંસની "ફતે થાઓ" "ફતે થાઓ" એમ કહીને સાષ્ટાંગ દંડવત્ પ્રામાણ કર્યા.)

વીટાવતંસ—કર્મ રહીત થાઓ.

(એવો આશીર્વાદ આપ્યો.

સર્વાંગોછીષ્ટા—મહારાજ વ્યાસ! સારી આશીશ દીધી.

વીટાવતંસ—બીજી 'શી આશીશ દઊં'?

સર્વાંગોછીષ્ટા—અરે વીટોપદેશા જુવાન સ્ત્રીયો વ્યાસની કેટલી શીષ્ય છે?

વીટોપદેશા—તરૂણ તો પાંચ સ્ત્રીયો છે. બીજી તો સેકડો છે.

સર્વાંગોછીષ્ટા--બધ્ધિ સ્ત્રીયોને તથા વ્યાસને જોઇને ખુશી થઇને સારૂં સારૂં સારો મીલાપ થશે; અરે બાઇ વ્યાસતો બહુ સારો છે આ સુંદરીઓ પણ તેવીજ છે. શ્રીપરમેશ્વરની ચરણ કમળ પ્રતાપથી બેઉનું સામાનપણું છે.

વીટોપદેશા—એમાં એક બ્રાહ્મણી રાંડીરાંડ આપણા મતમાં પ્રીતીવાળી છે. તેને આપ ઉપદેશ કરો. એના ભાગ્યથી તમારો સમાગમ થયો છે.

સર્વાંગોછીષ્ટા—હે દીકરી! તેને આંહી લાવ્ય. તે ઉપદેશ કરવા લાયક છે કે નહી?

વીટોપદેશા—તે બાઇને લાવીને મા, આજ બ્રાહ્મણી આવીને આપની સામી ઉભી છે, તે એવી છે કે વૈધવ્ય દુખથી દહન થઈગઇ છે. મહા શોકમાં મગ્ન છે. શુદ્ધ કુળમાં થયેલ છે, ઘણાં વ્રતોપવાસાદીથી શુશ્ક દેહવાળી છે. મહા રૂપાળી છે, પણ રાંડીરાંડ છે. તેથી જાડાં લુગડાં પેરાં છે. એવી આ બ્રાહ્મણી આપણા નીરંજન ધર્મમાં પ્રીતી વાળી છે.

સર્વાંગોછીષ્ટા--આતો સારી છે. આપણના મતને અનુસરે તેવી છે. હે બ્રાહ્મણી! આંહી આવ્ય.

વીટોપદેશા—બાઇ જા માને નમ.

બ્રાહ્મણી--આઃ હું બ્રાહ્મણી તે ધોબણને નમું?

સર્વાંગોછીષ્ટા--(પ્રૌઢ હાસ્ય કરીને) આ હો! મુંઢ પણું મુઢ-પણું! અરે અજ્ઞાનનું બળ જો, અરે બ્રાહ્મણી તુને આ કણે ભરમાવીને આંધળી કરી મુકી છે? આ આત્મા બ્રાહ્મણ પણ નથી, ધોબી નથી, કુંભાર નથી, મોચી નથી, બધું

ખોટું છે. જ્ઞાનીને તો સર્વે સરખું છે, બધ્દે એકતાજ છે, સાંભળ:—ભગવત ગીતામાં પણ કહેલું છે:—વીદ્યા વિનયવાળો બ્રાહ્મણ, હાથી, બળદ, શ્વાન, ચાંડાલ તેમાં વિદ્વાન સમાનદ્રષ્ટી વાળા છે. તે માટે બ્રાહ્મણી, બ્રાહ્મણથી ચાંડાળ પર્યંત–ભેદ નથી.

બ્રાહ્મણી—(ભયથી કહે છે કે) બ્રાહ્મણ ધોબીને કેમ નમે.

સર્વાંગોછીષ્ટા--અરે મૂર્ખ મારો ગુરૂ તો ચંડાલને ઉપદેશ કરનારો છે. તેને હમેશાં હું નમું છું.

(બ્રાહ્મણી મોનથી ત્યહાં ઉભી રહી).

સર્વાંગોછીષ્ટા—અરે પુત્રી ! વિટોપદેશા આનું જડપણું નથી જતું. એની ખુશીમાં પડે તેમ કરો પણ બને તો વ્યાસ પાસે લઇ જાઓ તે ઉપદેશ કરશે.

વિટોપદેશા—બ્રાહ્મણી ! આંહી આવ્યે, આંબ્યાસનું ચર્ણ વંદન કર.

(તેમ કર્યું ને વ્યાસ કેહેવો છે, તેનુ વર્ણન, ડોકમાં પુષ્પની માળા છે. શ્વેત લુગડાં પેરેલાં છે, બે રેખા વાળું કપાળમાં તીલક કરી તેમાં બીંદી કરેલ છે મોહોમાં પાન સોપારી ચાવે છે. જેની પાસે ઘણી વીટાંગનાઓ બેઠેલી છે. આ વ્યાસને સિંહાસન ઉપર બેઠેલો દીઠો ત્યારે નમીને ઊભી રહી.

વિટાવતંસ—બ્રાહ્મણી ! ભ્રાંતિ રહીત થા.

બ્રાહ્મણી—મહારાજ ! ભ્રાંતિ તે શું ?

વીટાવતંસ—આ મારો પુરૂષ, આ બીજીનો પુરૂષ, એને કેમ અડું ! તેજ ભ્રાંત.

બ્રાહ્મણી—મહારાજ ! પોતાના પારકાનો ભેદ દેખાય છે. ત્યારે ભ્રાંતિ કેમ ન હોય.

વીટાવતંસ—અરે આત્મારામતો બધે ફરે છે ! દેહતો ખોટો છે. પાણીના પરપોટાની પેડે છે. જે એક આત્મા છે, તેજ સત્ય છે. ત્યારે ભેદ દૃષ્ટી કેમ કરે છે? અરે દુર્ભગા ! સાંભળ કહેલું છેઃ—અરે આતો જ્ઞાન માર્ગ છે, તે પણ સુગમ તથા મુકિત દેનાર છે. આ માર્ગમાં વિધવા ખુશીથી રહે છે. રંડપાનું દુખ કાંહી નથી જાણુતી સાંભાળજો. ઘેરઘેર વાતુ સારૂ કર્યાં કરે છે. હસે છે, બોલે છે, રમે છે, ખાય છે, જે આ માર્ગમાં રહ્યા તેને નહાવા ધોવાનો ઘણો વીચાર રહેતો નથી, એવો સુગમ માર્ગ પરમેશ્વરની કૃપાથી મળે છે.

(જે લોકો નીરંજન પરમેશ્વરના મતને આશ્રય છે તે પારકી સ્ત્રીયોમાં કમ આસક્ત થાય છે; ને વૈષ્ણવ લોકો જેને ઉપદેસ કરે છે તે પોતાની દીકરી રૂપ થાય છે. તે તેને સંભોગ કરવામાં કેમ સમર્થ થાય છે એમ વીચાર કરે છે).

(વીટોપદેશાને ઘણો તીરસ્કાર કરી તથા વીટાવતંસને પણ ઘણી ધુસે થઇ વઢીને મહા ઊદાસ થઇ ખેદ પામી પોતાને ઘેર ગઇ અને કહે છે કે) વલ્લભી મતને ધીકાર છે. માંનમાં વીચારીને કહે છે કે સ્નેહથી દાન, દેહ દમન કરીશ, દયા સત્યપણું રાખીશ, વેદોક્ત ધર્મનું હું આચરણ કરીશ, ખરાબ વૈષ્ણવ મતને ધીકાર છે, જેને અંગે સહીત વેદ નીરંતર સ્તુતિ કરે છે. તે અષ્ટમૂર્તિ વિશ્વનાથ શંકરને વલ્લભી નામાવાળા વૈષ્ણવો દ્વેશ કરે છે. માટે તેને ધીકાર છે. તે એવા છે કે જે કીર્તન પછી રાંડી રાંડુની કંચુકીમાં રહેનાર બૃહત કુચને ઝાલીને ગાય છે, નાચે છે, બોલે છે, હસે છે, ભૂમી ઉપર શયન કરીને તેનો સંભોગ કરે છે, માટે તેને ધીકાર છે. તે રાંડી રાંડુ શું કરે છે, કે માથું દુખે છે, એવા કારણથી માથામાં સારા તેલ નાખે છે, ને રાંડીરાંડ વાણીયાણી મારી આંખ દુખે છે, એવા મીશથી આંખમાં કાજળ નાખે છે. દાંત રંગાવે છે. શરીરે અતર ચોપડે છે. ખુબ ખુશીથી પારકે ઘેર જાય છે તથા ઝીણા

લુગડાં પેરીને પોતાનું અંગ દેખાડે છે. એ પ્રમાણે નીત્ય વાણી-યાની સ્ત્રીયો એવાં કામ કરે છે. શ્રીઠાકોરને ચીતવૃતી પણ અર્પણ કરે છે. ધન શરીર બધું મહારૂં હું શ્રી ઠાકોરજી નીમિત કર્મ કરૂં છું. મારે મા બાપ ભાઇ કાંહી નથી. બ્રાહ્મણ. ચાંડાળ, શૂદ્ર, વૈશ્ય તથા જાતી ભ્રષ્ટ તે જો આપણા મત્તમાં હોય તો તે સર્વ સગા છે. મા બાપ આદી ભક્ત ન હોય તો તેનાં સગાં તે નહીં. વાણીયાનો સ્ત્રીયો પ્રસાદ ખાઇ ખુશી થાએ છે, ધર્મ ભ્રષ્ટ વૈષ્ણવો માને છે કે શ્રીઠાકુરે પ્રસાદ કર્યો તે સ્ત્રીયો પોતાના છોક-રાને ઘરમાં દોરીથી બાંધી વૈષ્ણવી પરમેશ્વરને આત્મા અરપણ કરેલો છે. એવી સ્ત્રી ભકતોની સાથે પ્રસાદનો ભોગ કરે છે. દયા વીનાની વાણીયાની સ્ત્રી પરમેશ્વરને આત્મા અર્પણ કરી બ્રાહ્મણને તથા છોકરાંને મુઠી પણ અન્ન નથી દેતી. માટે વૈષ્ણવ ધર્મને ધીકાર છે. અરે વીષ્ણુ તેને મુક્તિ કેમ આપશે ? કે જે વીષ્ણુને વેદ પણ વખાણે છે. અને બ્રાહ્મણની રાંડીરાંડ સ્રીયોનું વાણીયા મુખ ચુંબન કરે છે ને તેને સંભોગ કરે છે. જે જાર પુરૂષ પરદ્રવ્યાસકત છતાં શૂદ્રો વૈષ્ણવ ધર્મને મલીન કરે છે. કીનાશના દંડના ભયથી પણ બીતા નથી તે સારી બ્રાહ્મણની રાંડુને સંભોગ કરે છે, ને વૈષ્ણવો કૃષ્ણનું નામ લેવું દઇને નાસ્તક રાંડુને ભજે છે. (સંભોગ કરે છે) પૈસા લઇને કહે છે કે તારાં જ્ઞાતીને છોડીદે. એમ બ્રાહ્મણી મનમાં વીચારી વ્યાપક વેદમય શંકરના ભજન કરવામાં મન કર્યું. વત ઉપવાસમાં પણ મન ધર્યું, અને બ્રહ્મચારીયો દ્રવ્ય સક્ત કલેશી તીર્થના કરે છે ને સારી કુંડ કરી તેમાં ઘણો અગ્નિ રાખી તેમાં (કુંડમાં) બેસીને કપટ વચન બોલેછે. તે લોકો પોતાની સ્ત્રી છોકરાં સારૂં ભગવાં વસ્ત્ર પેરે છે. પાસે મૃગનાં ચાંમડાં રાખેછે. એવા ખરાબ વેશ કરે છે; શરીરે ભસ્મ ચોપડી ઘણાં કપટ બોલતા છતા તીર્થમાં જઇને અગ્નિ ખાય છે અને છોકરાં સારૂ વ્રતથી દુર્બળ થાયછે. તિર્થમાં અટન કરેછે અને પૈસા સારૂં દેવતા સળગાવી તે વચે બેસેછે. અને સ્નાન સંધ્યા વૈશ્વદેવને નથી,

જાણતા, અને ગુરૂએ દીધેલા મંત્રને પણ નથી જપતા. ફકત રૂદ્રાક્ષની ઘણી માળા નાખીને ફરેછે તે પાપી લોકો સારા પુરૂષોની સાથે અદેખાઇ રાખે છે. કુર્મને પેહેરીને ઘણાં રૂંવાડાંવાળાં છતા જેમ મુરૂમંડળમાં પીશાચ રહેછે. તેની પઠે ફરેછે. વ્રત કરી દુબળા થઇ તીર્થ બ્રહ્મચારીનો વેશ લઈ જાયછે મૌજી તથા દંડને જાણતા નથી. પૈસા સારૂ એવા ઢોંગ કરેછે. કલેશી એવાં બુરાં કામમાં સામેલ એવા લોકો સાધુ બ્રાહ્મણનો દ્વેશ કરેછે. દરીદ્રતા રૂપી સાગરમાં ડુબતા છતા શાસ્ત્રાદીને જાણતા નથી. ઘણાં લોભી લોકોમાં બ્રહ્મચારી એવા ઠગાઇનાં કામ કરે છે. અમે શંકરી મત છઇએ. કુળવાન પણ છઇયે, વશીકરણ, મારણ, મોંહન, રૂપુસોનુ તેને પણ કરી જાણીએ છઇયે. તથા કેટલાક બ્રાહ્મણો ગાનતાનમાં આસક્ત છતા, તથા તૃષ્ણા મોહના અભિમાનમાં રચેલા છતા, શુદ્રો પાસે નાચેછે ને વેદ શીવની અદેખાઈ કરેતે ધોબીને ઘેર પકાં વાંન કંસાર તેને ખાયછે. કામી મહામદોન્મત હોય તેની માફ્ શઠલોકો ફરે છે તથા લોભી બ્રાહ્મણો કલીના વખતમાં બેવકુફની માફક નાચેછે. તાલ વગાડેછે. ગાયછે. પાપી તે વેદ ધર્મને નીંદેછે. એ દુખ કોની પાહે કહીયે? બ્રાહ્મણી એવું વીચારીને ધ્યાનમાં સક્ત થઈ.

અંક ત્રીજો.

દામોદરની સ્તુતિ.

